Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**
**તા.૫–૧૧–૨૦૧૨**

**ફકત સભ્યોની જાણ માટે**

સિન્ડિકેટની સામાન્ય સભા સોમવાર, તા.૫–૧૧–૨૦૧૨ના રોજ બપોરે ૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

**: કાર્યવાહી :**

| ક્રમ | સભ્યોના નામ | તા.૫–૧૧–૨૦૧૨ |
|---|---|---|
| ૧. | ડૉ. દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| ૬. | ડૉ.જયંતીકુમાર મોરારજી નાયક | ગેરહાજર |
| ૭. | મેજર ઉન્મેષભાઈ પંડયા | હાજર |
| ૮. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૯. | ડૉ.વૈદ્ય ધનેશ ગોપાલદાસ | હાજર |
| ૧૦. | શ્રી દેસાઈ સંજયકુમાર ઈશ્વરલાલ | હાજર |
| ૧૧. | શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત | હાજર |
| ૧૨. | શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય | હાજર |
| ૧૩. | શ્રી સિંધા અમિતસિંહ ખુમાનસિંહ | હાજર |
| ૧૪. | ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ | ગેરહાજર |
| ૧૫. | ડૉ.કિરણ પંડયા | હાજર |
| ૧૬. | શ્રી મેહુલભાઈ કનુભાઈ ઠાકર | હાજર |
| ૧૭. | શ્રી પટેલ પરેશ રમેશભાઈ | હાજર |

* આ.ડૉ.જયંતીકુમાર મોરારજી નાયકે તેમના પત્ર ક્રમાંકઃ ૩૯૬/ ૨૦૧૨–૧૩ તા.૨૩–૧૦–૨૦૧૨ના પત્રથી તા.૨૫–૧૦–૨૦૧૨ થી તા.૨૯–૧૧–૨૦૧૨ દરમ્યાન યુ. એસ. એ. પ્રવાસ જનાર હોવાથી યુનિવર્સિટીમાં આ સમયગાળા દરમ્યાન થનાર મીટીગમાં હાજર રહેવાની અસંમતિ દર્શાવી હતી.

## શોક દર્શક ઠરાવ

:: **ભૂતપૂર્વ કુલાધિપતિ તથા ભૂતપૂર્વ રાજયપાલ સ્વ.કૈલાસપતિ મિશ્રા :**

ગુજરાત રાજયના ભૂતપૂર્વ રાજયપાલશ્રી અને આ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલાધિપતિશ્રીનું દુઃખદ અવસાન થયેલ છે તેમના દુઃખદ અવસાન બદલ સિન્ડિકેટની આજની સભા શોક વ્યકત કરે છે. તથા સદ્ગતના આત્માને ચિરશાન્તિ અર્પવા અને એમના પરિવારને આઘાત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત અર્પે તેવી પ્રાર્થના કરે છે.

૧. સિન્ડિકેટની તા.૧૭–૫–૨૦૧૨ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચૂંટણીની આચાર સંહિતા ધ્યાનમાં રાખી હાલ આ બાબત મૂલતવી રાખવી.**

૨. સિન્ડિકેટની તા.૧૧–૧૦–૨૦૧૨ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચૂંટણીની આચાર સંહિતા ધ્યાનમાં રાખી હાલ આ બાબત મૂલતવી રાખવી.**

૩. પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિના સભ્યોની નિમણૂંક યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૧૨ તથા યુજીસીની ૧૧મી પંચવર્ષીય યોજનાની ગાઈડ લાઈન (૧૨મી પંચવર્ષીય યોજનાની ગાઈડ લાઈન ઉપલબ્ધ નથી.) મુજબ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચૂંટણીની આચાર સંહિતા ધ્યાનમાં રાખી હાલ આ બાબત મૂલતવી રાખવી.**

૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતેના કન્વેન્શન હોલના આગળના ભાગમાં પાર્કિંગ માટે ગ્રાઉન્ડ વિકસાવવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચૂંટણીની આચાર સંહિતા ધ્યાનમાં રાખી હાલ આ બાબત મૂલતવી રાખવી.**

૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે બાંધકામ વિભાગમાં રોજબરોજની કામગીરી માટે હાલમાં કામ કરતા મજૂરો સિવાય વધુ ૦૪ મજૂરો કામ પર રાખવા તથા એક કડિયો અને હાલમાં કામ કરતા ટેકનીશ્યનોને બજાર ભાવ પ્રમાણે રોજની ચૂકવણી કરવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચૂંટણીની આચાર સંહિતા ધ્યાનમાં રાખી હાલ આ બાબત મૂલતવી રાખવી.**

૬. યુનિવર્સિટી કેમ્પસ ખાતે ૧૨મી પંચવર્ષીય યોજના હેઠળ મળેલ ગ્રાન્ટમાંથી ગ્રાન્ટ યુટીલાઈઝેશન કમિટીની ભલામણ મુજબ ડ્રેનેજ નેટવર્ક, સ્ટ્રીટ લાઈટ નાંખવા તથા મૂલ્યાંકન ભવન બનાવવા માટેની કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચૂંટણીની આચાર સંહિતા ધ્યાનમાં રાખી હાલ આ બાબત મૂલતવી રાખવી.**

૭. બંદીવાનોના કલ્યાણ અર્થે સુધારાલક્ષી કાર્યોક્રમોમાં સહભાગી થવા તથા લાજપોર મધ્યસ્થ જેલ ખાતે યુનિવર્સિટી સંચાલિત બી.એ./ બી.કોમ. તથા એમ.એ./ એમ.કોમ(એક્ષટર્નલ)નું પરીક્ષા કેન્દ્ર શરૂ કરવા બાબતે નાયબ અધિક્ષક લાજપોર મધ્યસ્થ જેલ–લાજપોર સુરતના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા (એક્ષટર્નલ) )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને સૈધ્ધાંતિક મંજૂરી આપવી તથા પ્રસ્તુત બાબત અંગે સમિતિની રચના કરવાની તથા સમિતિની અહેવાલના આધારે અંતિમ નિર્ણય કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૮. શૈક્ષણિક વર્ષ : ૨૦૧૨–૧૩ના ૪૦માં યુવક મહોત્સવ યુનિવર્સિટી પરિસર ઉપર યોજાનાર છે. પ્રસ્તુત મહોત્સવના આયોજન માટે જરૂરી સંભવીત બજેટ આ સાથે સામેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

(૧) યુવક મહોત્સવ અંદાજીત બજેટ રૂા.૧૨,૦૯,૦૦૦/– (અંકે રૂપિયા બાર લાખ નવ હજાર પૂરા)
ઉપરોકત બજેટસ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા.શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૧૨–૧૩ના ૪૦માં યુવક મહોત્સવનું સંભવિત બજેટ પરિશિષ્ટ : " ક "માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું.**

**(પરિશિષ્ટ : " ક")**

૯. શૈક્ષણિક વર્ષ : ૨૦૧૨ –૧૩માં ૨૮મો વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી યુવક મહોત્સવ યુનિવર્સિટી પરિસર ઉપર યોજાનાર છે. પ્રસ્તુત મહોત્સવના આયોજન માટે જરૂરી સંભવીત બજેટ આ સાથે સામેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

(૧) વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી યુવક મહોત્સવ અંદાજીત બજેટ રૂા.૩૪,૪૫,૦૦૦/– (અંકે રૂપિયા ચૌત્રીસ લાખ પીસ્તાલીસ હજાર પૂરા)
ઉપરોકત બજેટસ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા.શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૧૨–૧૩ના ૨૮માં વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી યુવક મહોત્સવનું સંભવિત બજેટ પરિશિષ્ટ : " ખ "માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું.**

**(પરિશિષ્ટ : " ખ ")**

૧૦. સિન્ડિકેટ સભ્યશ્રી મેજર ઉન્મેષ જતીન પંડયાના તા.૩૦–૧૦–૨૦૧૨ના પત્રમાં જણાવ્યા મુજબ અનુદાનિત કોલેજોના અધ્યાપક સહાયકોને પીએચ.ડી.માં સીધો પ્રવેશ આપવા બાબતે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે પ્રવેશ પ્રક્રિયાની કાર્યવાહી હાથ ધરવી તથા લાંબા ગાળા માટે માનનીય કુલપતિશ્રી દ્વારા એક સમિતિ બનાવવાની અને તેના પર અંતિમ નિર્ણય કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

**માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

૧૧. પટેલ હિતેન્દ્ર દુલ્લભભાઈની તા.૨૯/૮/૨૦૧૨ની અરજી વંચાણે લેવા વિનંતી છે.(આ સાથે સામેલ છે.) પટેલ હિતેન્દ્ર દુલ્લભભાઈએ યુનિવર્સિટીનાં ગુજરાતી ભાષા ભવનના બાંધકામ માટે જાહેર કરેલ રૂા.૧૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા અગિયાર લાખ પૂરા) નાં દાનના સંદર્ભમાં એમ જણાવેલ છે કે " સદર ભવનનું બાંધકામ હમો જાતે કરી આપીશું " અને યુનિવર્સિટીનાં નિયમ મુજબની રકમ દાન પેટે રાખી બાકીની રકમ પરત કરવાની માંગણી કરેલ છે.

જેના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયમાનુસારની રકમ **A/c Paid Cheque** થી પરત કરવાનું મંજૂર કરેલ હોય તેની જાણ સિન્ડિકેટની સભાને કરવા તથા માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત....

(હિસાબી)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૧૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એક્ટ (૧૬) ની જોગવાઈ અંતર્ગત સેનેટનું સભ્યપદ ધારણ કરનાર સેનેટ સભ્યશ્રીને એક્ટ (૨૩) ની જોગવાઈ અંતર્ગત વિદ્યાશાખા એનાયત કરવાની હોય છે. વિદ્યાશાખા એનાયત કરવાની સત્તા સિન્ડીકેટની તા. ૩૦–૬–૧૯૯૮ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૯) થી વિદ્યાશાખા એનાયત કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપેલ હોય જે ઠરાવને આધિન માન. કુલપતિશ્રી ધ્વારા એક્ષ ઓફીસીઓ સેનેટ સભ્યોને, તા. ૧૨–૮–૨૦૧૨ની સેનેટની ચૂંટણીના બિનહરીફ વિજેતા ઉમેદવારો અને ચૂંટણીની હરીફાઈમાં વિજેતા ઉમેદવારોને તેમજ શિક્ષણ વિભાગના તા. ૨૭ – ૮ –૨૦૧૨ના પત્ર ક્રમાંક દગય/૧૩૮૭/૯૧૪૮/ખ થી રાજ્ય સરકારશ્રી નિયુક્ત સેનટ સભ્યોને વિદ્યાશાખા સિન્ડીકેટ વતી એનાયત કરવામાં આવેલ છે, જેની જાણ કરવા અંગે.

| સેનેટ સભ્યશ્રીનું નામ | Faculty Awarded |
|---|---|
| આ. ડાં. પૃથુલ આર. દેસાઈ | **Science** |
| ડાં. અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | Computer Sc. & Inf. Technology |
| શ્રી. એન્જિનીયર પરશી ઋષિ | Architecture & Design |
| ડાં. રાવ જ્યોતિ રગોથામા | Homeopathic |
| ડાં. દક્ષેશ રસીકલાલ ઠાકર | **Arts** |
| શ્રી જયંતિલાલ રમણભાઈ મહેતા | **Commerce** |
| ડાં. બળવંતસિંહ એન. ઠાકોર | Arts |
| ડાં. બિમલેશકુમારી એ. તેવતીયા | Arts |
| આ. ડાં. પ્રવિણચંદ્ર એમ. પટેલ | **Commerce** |
| ડાં. કેયૂરકુમાર એમ. નાયક | **Commerce** |
| ડાં. બાબુલાલ અંબારામ પ્રજાપતિ | Management |
| ડાં. આઈ. એમ. ભાના | Arts |
| ડાં. કિશોરકુમાર રમણલાલ નાયક | Education |
| ડાં. દેસાઈ ફાલ્ગુની હર્ષદરાય | Arts |
| ડાં. ઘનશ્યામ મગનભાઈ બુટાણી | Arts |
| શ્રી પટેલ કમલેશ મગનભાઈ | Law |
| શ્રી નિમાવત શ્રીધર રામદાસભાઈ | Rural Studies |
| ડાં. પટેલ વિનોદભાઈ બાલુભાઈ | Mgt |
| શ્રી ચૌધરી બાબુભાઈ બંદુભાઈ | Commerce |
| શ્રી વૈદ્ય ધનેષ ગોપાલદાસ | Medicine |
| ડાં. ચૌહાણ મહેન્દ્રસિંહ દોલતસિંહ | Medicine |
| ડાં. ભટ્ટ કૃષ્ણકાંત નિરંજનભાઈ | Medicine |
| શ્રી વાંસદિયા કિરીટસિંહ જશવંતસિંહ | Education |
| શ્રી નાગેચા મહેશ નારણભાઈ | Architecture & Design |
| આ. ડાં. પટેલ વિનોદચંદ્ર નવિનભાઈ | **Commerce** |
| ડાં. મહિડા મહેન્દ્રસિંહ ભારતસિંહ | Science |
| શ્રી ચૌધરી ઠાકોરભાઈ નગીનભાઈ | Rural Studies |
| શ્રી નાયક અજયકુમાર ભીખાભાઈ | Arts |
| શ્રીમતી ડાભી સુહાસબેન અનિલસિંહ | Arts |
| શ્રી રાવલ કલ્પેશકુમાર મીઠાલાલ | Mgt. |
| શ્રી સોલંકી પ્રવીણસિંહ રામસિંહ | Education |
| શ્રી દેસાઈ સંદિપભાઈ ભગુભાઈ | Commerce |
| શ્રી નાયક દિનકરરાય છોટુભાઈ | Science |
| ડાં. રાવલ ઘનશ્યામ દિનેશચંદ્ર | Homeopathic |
| શ્રી દેસાઈ પંકજકુમાર મનવશરાય | Medicine |
| ડાં. પટેલ રજનિકાંત મોહનલાલ | Medicine |
| ડાં. રજનિકાંત ડાહયાલાલ પટેલ | Medicine |
| શ્રી શાહ ધર્મેશભાઈ પદ્મનાભભાઈ | Medicine |
| ડાં. ગૌસ્વામી અનિલ છોટુગીરી | Medicine |
| શ્રી દેસાઈ યોગેશ બટુકભાઈ | Medicine |
| શ્રી પટેલ કિરીટકુમાર અમૃતલાલ | Medicine |

| | |
|---|---|
| શ્રી વૈદ્ય ગૌરાંગ વિજયરાય | Medicine |
| શ્રી પટેલ મહેશભાઈ વલ્લભભાઈ | Medicine |
| શ્રી માળી પ્રવીણચંદ્ર ઠાકોરભાઈ | Medicine |
| **શ્રી સંજય ઈશ્વરલાલ દેસાઈ** | Medicine |
| શ્રી મિસ્ત્રી પ્રજ્ઞેશકુમાર છીતુભાઈ | Medicine |
| શ્રી દેસાઈ રાજેશકુમાર મનુભાઈ | Medicine |
| શ્રી જોષી સ્નેહલ કિરણભાઈ | Computer Sc. & Inf. Technology |
| શ્રી ખરચીયા કશ્યપ પ્રવિણસિંહ | Homeopathic |
| શ્રી રબારી ભાવેશકુમાર ગોવિંદભાઈ | Commerce |
| શ્રી પટેલ સનમકુમાર નટવરલાલ | Education |
| શ્રી ગામીત જયરામભાઈ ચેમાભાઈ | Arts |
| શ્રી ધામેલિયા ગણપતભાઈ ભુરાભાઈ | Computer Sc. & Inf. Technology |
| શ્રી પંડયા ઉન્મેશ જતીન | Science |
| શ્રી પટેલ પરેશ રમેશભાઈ | Science |
| **The Director of Agriculture** | **Medicine** |
| **શ્રી શેઠ ભરત ઠાકોરદાસ** | Architecture & Design |
| શ્રી સિંધા અમિતસિંહ ખુમાનસિંહ | Law |

(સિન્ડિકેટ)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૧૩. પરીક્ષા આચાર સમિતિની તા.૧૨/ ૧૦/ ૨૦૧૨ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૧૨/ ૧૦/ ૨૦૧૨ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ગ "માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ગ ")**

૧૪. યુનિવર્સિટી ખાતે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતા ખર્ચ અંગે સને ૨૦૧૨–૧૩ તથા સને ૨૦૧૩–૧૪ માટે નાણાં સમિતિના સભ્યોની ૦.૩૩ મુજબ વરણી કરવા બાબત. આ સાથે ૦.૩૩ની નકલ સામેલ છે.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચૂંટણીની આચાર સંહિતા ધ્યાનમાં રાખી હાલ આ બાબત મૂલતવી રાખવી.**

૧૫. સિન્ડિકેટ સભ્ય શ્રી મેજર ઉન્મેષ પંડયાના તા.૩૦–૦૧–૨૦૧૨ના પત્ર મુજબ વિવિધ ફેકલ્ટીઓના એડહોક બોર્ડને રેગ્યુલર બોર્ડ કરવા જણાવે છે. જેમાં

(૧) એડહોક બોર્ડસને યોગ્ય વિદ્યાશાખાઓમાં સમાવેશ કરી સ્ટેટયૂટ ઓર્ડિનન્સમાં ફેરફાર કરવા અંગે.
(૨) ઓપ્ટોમેટ્રી વિષયના બોર્ડ ઓફ સ્ટડીઝને વિજ્ઞાન વિદ્યાશાખામાં સમાવિષ્ટ કરવા અંગે.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા એક સમિતિ બનાવવી તથા સમિતિના એહવાલના આધારે અંતિમ નિર્ણય કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૧૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતેના મેઈન ગેઈટની ઉપરના ભાગમાં વીર નર્મદ, સરસ્વતીમાતા તથા સ્વામી વિવેકાનંદની મૂર્તિ મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચૂંટણીની આચાર સંહિતા ધ્યાનમાં રાખી હાલ આ બાબત મૂલતવી રાખવી.**

૧૭. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો (સરકારી, અનુદાન પાત્ર અને સ્વનિર્ભર) નું ચાલુ જોડાણ જૂન–૨૦૧૨માં પૂરૂ થતું હોય, સંસ્થાઓ દ્વારા ચાલુ / વધારાનું / કાયમી જોડાણ તથા એડીશન ડિવિઝન / કોર્ષ / સબ્જેકટનું જોડાણ મેળવવા માટે આ સાથે સામેલ યાદી મુજબની સંસ્થા / કોલેજ તરફથી, યુનિવર્સિટી કાર્યાલયએ નિયત કરેલ પત્રકમાં યુનિવર્સિટી કાર્યાલયને મળેલ જોડાણઅરજીનાં સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક માટે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચૂંટણીની આચાર સંહિતા ધ્યાનમાં રાખી હાલ આ બાબત મૂલતવી રાખવી.**

૧૮. શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે યુનિવર્સિટી સાથે નવું જોડાણ મેળવવા માટે આ સાથે સામેલ યાદી મુજબની સંસ્થા/ કોલેજ તરફથી, યુનિવર્સિટી કાર્યાલયએ નિયત કરેલ પત્રકમાં યુનિવર્સિટી કાર્યાલયને મળેલ જોડાણ અરજીનાં સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક માટે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચૂંટણીની આચાર સંહિતા ધ્યાનમાં રાખી હાલ આ બાબત મૂલતવી રાખવી.**

૧૯. આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે આ સાથેની યાદીમાં દર્શાવેલ કોલેજો સામે દર્શાવેલ સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમના ચાલુ / નવા / એક્ષટેન્શનની માન્યતા આપવા માટે તથા ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં પોસ્ટ ગ્રેજયુએશન સેન્ટરની મળેલ નવા જોડાણ અરજી સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની નિયુકતી કરવાની હોય જે અવલોકનમાં લેતા સ્થાનિક તપાસ સમિતિની નિયુકતી કરવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચૂંટણીની આચાર સંહિતા ધ્યાનમાં રાખી હાલ આ બાબત મૂલતવી રાખવી.**

૨૦. ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૭માં જ્ઞાનસત્ર આયોજનનાં સંભાવીત ખર્ચ માટે આર્થિક સહયોગ મેળવાઈ રહ્યો છે. આ આર્થિક સહયોગ અને થયેલ ખર્ચમાં જો અંતર રહે તો તે રકમની સગવડ યુનિવર્સિટી તરફથી કરવા અંગે વિચારણા કરવા બાબત...

(યુ. ક. અને શા.શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મજૂંર કરવી યુનિવર્સિટીએ સદર કાર્યક્રમ માં આર્થિક ખર્ચનો સહયોગ કરવો અને ખર્ચ કરવા માટેના અંતિમ નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૨૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના લોકપ્રશાસન વિભાગના પ્રોફેસર એન્ડ હેડ, ડૉ. એ. વેંકટરામન સને ૨૦૦૧ થી ૧૧ વર્ષ વિભાગીય વડા તરીકે સેવા આપી હોય વિભાગના વિકાસ માટે તેઓના મતે હેડની જગા લોકશાહી રૂપે રોટેશન મુજબ હોવી જોઈએ તેમ જણાવેલ છે, પરંતુ સાઉથ ગુજરાત યુનિવર્સિટી એકટ ૧૯૬૫ રોટેશન મુજબ હેડશીપ આપવા પરવાનગી આપતું ન હોય તેથી ડૉ. એ. વેંકટરામનને તેમના તા.૧૧–૧૦–૨૦૧૨ના પત્રથી લોકપ્રશાસન વિભાગના વિભાગીય વડાનું પદ સ્વૈચ્છિક રીતે છોડી ફકત ફેકલ્ટી મેમ્બર તરીકે સેવા ચાલુ રાખવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચૂંટણીની આચાર સંહિતા ધ્યાનમાં રાખી હાલ આ બાબત મૂલતવી રાખવી.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **કુલસચિવ**
ક્રમાંક : એસ–૧ (૧)/ ૧૧૨૮૩ /૨૦૧૨.
તા. ૨૧–૧૧–૨૦૧૨.
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......**